# 5 નાંધણી માટે તૈયાર થવા માટે તમે આ કરી શકો છો

1. **HealthCare.gov ની મુલાકાત લો**
   Health Insurance Marketplace® અને Medicaid અને Children’s Health Insurance Program (CHIP)જેવા અન્ય કાર્યક્રમો વિશે વધુ જાણો.

2. **તમારા નોકરીદાતાને પૂછો કે શું તેઓ આરોગ્ય વીમો ઓફર કરે છે.**
   જો તમારા નોકરીદાતા આરોગ્ય વીમો ઓફર ન કરે, તો તમે માર્કેટપ્લેસ અથવા મેડિકેર અથવા ટ્રાઇકેર(TRICARE) જેવા અન્ય સ્રોતો દ્વારા કવરેજ મેળવી શકો છો.

3. **તમારી આરોગ્ય યોજના પસંદ કરવાનો સમય આવે તે પહેલાં પ્રશ્નોની એક યાદી બનાવો.**
   ઉદાહરણ તરીકે, "શું હું મારા વર્તમાન ડૉક્ટરને બતાવી શકું?" અથવા "શું આ યોજના હું જ્યારે મુસાફરી કરું છું ત્યારે મારા આરોગ્યના ખર્ચને આવરી લેશે?"

4. **તમારા ઘરની આવક વિશેની મૂળભૂત માહિતી એકઠી કરો.**
   તમારે તમારા W-2માંથી આવકની માહિતી, પે સ્ટબ્સ, અથવા ટેક્સ રિટર્નની જરૂર પડશે.

5. **તમારું બજેટ સેટ કરો.**
   વિવિધ પ્રકારની જરૂરિયાતો અને બજેટને પહોંચી વળવા માટે વિવિધ પ્રકારની આરોગ્ય યોજનાઓ છે. તમારે એ નક્કી કરવું પડશે કે તમે દર મહિને પ્રીમિયમ પર કેટલો ખર્ચ કરી શકો છો, અને પ્રિસ્ક્રિપ્શન અથવા તબીબી સેવાઓ માટે તમે ખિસ્સામાંથી કેટલું ચૂકવવા માંગો છો.

## !

## તમારી વ્યક્તિગત જાણકારી સુરક્ષિત રાખો

**ક્યારેય રોકડ, ભેટસોગાદો કે અન્ય લાભો ઓફર કરતી કોઈ પણ વ્યક્તિને તમારી માહિતી આપશો નહીં.**

**સ્વયંને છેતરપિંડીથી બચાવવા માટેની વધુ ટીપ્સ માટે HealthCare.gov/protect-from-fraud-and-scams ની મુલાકાત લો.**

## Health Insurance Marketplace

તમને તમારી માહિતી સુલભ ફોર્મેટમાં મેળવવાનો અધિકાર છે, જેમ કે મોટી પ્રિન્ટ, બ્રેઇલ અથવા ઓડિયો. તમને ફરિયાદ નોંધાવવાનો અધિકાર પણ છે, જો તમને લાગે કે તમારી સાથે ભેદભાવ કરવામાં આવ્યો છે.

**CMS.gov/About-CMS/Web-Policies-Important-Links/Accessibility-Nondiscrimination-Disabilities-Notice** ની મુલાકાત લો અથવા 1-800-318-2596 પર કૉલ કરો. TTY વપરાશકર્તા 1-855-889-4325 પર કોલ કરી શકે છે.

DEPARTMENT OF HEALTH & HUMAN SERVICES · USA

HealthCare.gov

CMS Product No. 11629-GU (Gujarati) • July 2025

This product was produced at U.S. taxpayer expense.
Health Insurance Marketplace® is a registered service mark of the U.S. Department of Health and Human Services.



# હેલ્થ ઇન્શ્યોરન્સ માર્કેટપ્લેસ

## આરોગ્ય વીમા વિકલ્પો

માર્કેટપ્લેસ તમને આરોગ્ય કવરેજ શોધવામાં મદદ કરે છે જે તમારા બજેટને બંધબેસે છે અને તમારી જરૂરિયાતોને પૂર્ણ કરે છે. જ્યારે તમે કવરેજ માટે અરજી કરો છો, ત્યારે તમે તમારા બધા વિકલ્પો શોધી શકો છો અને નોંધણી કરાવી શકો છો. જો તમે યોગ્ય હોય તો ખાનગી વીમા, Medicaid અને Children's Health Insurance Program (CHIP) માટે અરજી કરી શકો છો.

માર્કેટપ્લેસમાં દરેક આરોગ્ય યોજના આવશ્યક આરોગ્ય લાભોના સમાન સેટને પૂરો પાડે છે, જેમ કે ડૉક્ટરની મુલાકાતો, નિવારક સંભાળ, હોસ્પિટલમાં દાખલ થવું, પ્રિસ્ક્રિપ્શનો અને બીજું ઘણું બધું. તમે પસંદગી કરો તે પહેલાં તમે કિંમત, લાભો અને તમારા માટે અગત્યની અન્ય લાક્ષણિકતાઓના આધારે યોજનાઓની તુલના કરી શકો છો.



## ખાનગી કંપનીઓ દ્વારા ચલાવવામાં આવતી વીમા યોજનાઓ

માર્કેટપ્લેસ પ્લાન ખાનગી કંપનીઓ દ્વારા ચલાવવામાં આવે છે. તમે બજારમાં તમારા આરોગ્ય કવરેજ વિકલ્પોની તુલના કરી શકો છો અને તમે નોંધણી કરવાનું નક્કી કરો તે પહેલાં તમારું પ્રીમિયમ, કપાતપાત્ર અને ખિસ્સા સિવાયનો ખર્ચ કેટલો હશે તે શોધી શકો છો.

તમારા અને તમારા ઘર માટે સુરક્ષા છે. વીમા યોજનાઓ કેન્સર અથવા ડાયાબિટીસ જેવી પહેલેથી અસ્તિત્વ ધરાવતી અથવા દીર્ઘકાલીન પરિસ્થિતિઓને કારણે તમને કવરેજનો ઇનકાર કરી શકતી નથી, અને તેઓ એક જ યોજના માટે વિવિધ પ્રીમિયમ લઈ શકતા નથી.

## ખર્ચમાં મદદ મેળવો

જ્યારે તમે માર્કેટપ્લેસનો ઉપયોગ કરો છો, ત્યારે તમે તમારા માસિક પ્રીમિયમને ઘટાડવા અને તમારા ખિસ્સા બહારના ખર્ચમાં મદદ કરવા માટે નાણાકીય સહાય મેળવી શકો છો. જ્યારે તમે અરજી કરો છો, ત્યારે તમે શોધી કાઢશો કે તમે કેટલી બચત કરી શકો છો.

## માર્કેટપ્લેસનું અન્વેષણ કરો

તમારા પ્રશ્નોના જવાબો મેળવવા માટે **HealthCare.gov** ની મુલાકાત લો અને માર્કેટપ્લેસ વિશે ઇમેઇલ અપડેટ્સ માટે સાઇન અપ કરો. તમે માર્કેટપ્લેસ કોલ સેન્ટરને 1-800-318-2596 પર પણ કોલ કરી શકો છો. TTY વપરાશકર્તા 1-855-889-4325 પર કોલ કરી શકે છે.

ઓપન એનરોલમેન્ટ (1 નવેમ્બર – 15 જાન્યુઆરી) દરમિયાન, તમે **HealthCare.gov** અથવા તમારા રાજ્યના માર્કેટપ્લેસની મુલાકાત લઈ શકો છો અને આરોગ્ય કવરેજ માટે અરજી કરી શકો છો, તમારા બધા વિકલ્પોની તુલના કરી શકો છો અને પ્લાનમાં નોંધણી કરી શકો છો.

જો તમે જીવનમાં ફેરફારને કારણે ખાસ નોંધણીના સમયગાળા માટે પાત્ર બનો તો તમે ઓપન એનરોલમેન્ટની બહારના કવરેજ માટે અરજી કરી શકો છો, જેમ કે:

- Medicaid, CHIP અથવા અન્ય પાત્રતા ધરાવતા કવરેજને ગુમાવવું
- લગ્ન કરી રહ્યા છો
- બાળક હોવું
- સ્થળાંતર કરી રહ્યા છો

તમે સમાન એપ્લિકેશનનો ઉપયોગ કરીને વર્ષના કોઈપણ સમયે Medicaid અને CHIP માટે અરજી કરી શકો છો.